# બનાસકાંઠામાં સ્વાઈન ફલુથી બેના મોત

પાલનપુર, તા. ૨૪

ભારત દેશની રાજધાની નવી દિલ્હીમાં સ્વાઈન ફલૂના ઘણા બધા પોઝીટીવ રીપોર્ટને પગલે લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. તેવામાં ગુજરાતની સરહદે આવેલ બનાસકાંઠામાં પણ સ્વાઈન ફલુની એન્ટ્રી થતા લોકોમાં ભય જોવા મળી રહ્યો છે. આમ બે વ્યકિતઓના મોતથી તંત્ર પણ સફાળું જાગી જઈ આ મામલે પૂરતી સજાગતા હોવાની વાત આલોપી રહ્યું છે.

જિલ્લામાં છેલ્લા બે માસમાં ભેદી તાવના સંકજામાં અનેક લોકો સપડાયા છે. તેવામાં તબીબી ચકાસણી બાદ વધુ સારવાર અર્થે દર્દીને પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવેલ છે. શંકાસ્પદ સ્વાઈન ફલુ જેવું લાગતા તેમનો રિપોર્ટ કરાવવા અમદાવાદ મોકલવામાં આવેલ છે. ત્યાં કુલ ૯ દર્દીઓમાંથી ૫ દર્દીઓને સવાઈન ફલુ પોઝીટીવ આવ્યાનું જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એ.એચ. આચાર્યએ જણાવ્યું હતું. સારવાર અર્થે દાખલ દર્દીઓ પૈકી એક યુવક જે થરાદ તાલુકાના ખોડા ગામનો ૩૦ વર્ષીય છે અને વડગામ તાલુકાના માહિ ગામની ૨૭ વર્ષીય યુવતીનું મૃત્યુ થયાનું તેઓએ જણાવેલ. આમ સ્વાઈન ફલુથી બનાસકાંઠા પંથકમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

## હરસોલ ત્રણ રસ્તા પર કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં બાઈકસવારનું મોત

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જીલ્લા ના ગાંભોઈ થી હરસોલ જતા ત્રણ રસ્તા પર શનિવાર ની રાત્રી ના કાર એ બાઈક ને ટક્કર મારતા બાઈક પર સવાર યુવાનનું ગંભીર ઈજા ને કારણે મોત નીપજયું હતું આ અંગે ગાંભોઈ પોલીસ મથકે રવિવાર ના રોજ ફરિયાદ નોધાઈ હતી

ગાંભોઈ થી હરસોલ જતા માર્ગ ૫ આવેલ ત્રણ રસ્તા પર શનિવાર ની રાત્રી ના ૯.૩૦ વાગે ના સુમારે હરસોલ થી ગાંભોઈ તરફ બોડાભાઈ રમેશભાઈ વાઘરી બાઈક નંબર GJ 9-AB -૨૧૪૭ લઈ ને આવી રહેલ અને બાઈક પાછળ ઈડર નો રહેવાસી ૧૮ વર્ષીય મુકેશભાઈ ફકીરાજી ખટીક બેઠેલ હતો દરમિયાન ફોર્ડ કાર નંબર GJ -9-3A -૯૫૩૫ના ચાલકે કાર બેફામરીતે હંકારી ને બાઈક ને ટક્કર મારતા બાઈક સવાર મુકેશભાઈ ને શરીરે ગંભીર ઈજાઓ થતા મોત નીપજયું હતું. બોડાભાઈને શરીરે ઈજાઓ થઈ હતી. ગાંભોઈ પોલીસે રવિવાર એ ગાંભોઈના ઠાકોરવાસમાં રહેતા પદમાજી ચમનાજી ખટીક એ ફરિયાદ નોધાવી હતી.

## રાજપુર ગામે રતનજ્યોતના બીજ ખાઈ જતા ૧૨ બાળકોને ખોરાકી ઝેરની અસર

પાલનપુર, તા. ૨૪

પાલનપુર તાલુકાના રાજપુર (પખાણવા) ગામે આજે ૧૨ બાળકો રતનજ્યોત વનસ્પતિના બીજ ખાઈ જતા તેમને ઝાડા-ઉલ્ટીની અસર થતા ગ્રામજનોએ તાકીદે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે આ બાળકોને ખોરાકીઝેરની અસર હોવાનું જણાવી સારવાર હાથ ધરી હતી. હાલ તમામની તબીયત સુધાર પર હોવાનું હોવાનું સિવિલના સૂત્રો એ જણાવ્યું હતું.

## ખેડબ્રહ્મા, લક્ષ્મીપુરા માર્ગ પર ચાલતા કામને લઈ ટ્રાફિકની સમસ્યા

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ચાર રસ્તાથી પૂર્વ દિશાએ જતા રોડનું કામ મંદગતિએ ચાલુ છે. આ રસ્તા ઉપર વિજયનગર સુધી આડેધડ વાહનોમાં ગણતરી બહારના પેસેન્જરો ભરી બે રોકટોક જીપો, ટેમ્પો, ટ્રેક્ટરો ચાલે છે. અકસ્માત ભયંકર બને તેની તંત્ર કદાચ રાહ જોઈ રહ્યું છે. માલવાહક ટેમ્પાઓમાં પણ મુસાફરો ભરીને મુસાફરી થાય છે. તંત્રની કાર્યવાઈ કોઈપણ જગ્યાએ દેખાતી નથી. તંત્ર ટ્રાફિકની સમસ્યા સંદર્ભે ચૂપકિદી સેવી રહ્યું છે. હાલ ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા જતાં સ્વામિનારાયણ મંદિર, તેમજ પંચશીલ-કોલેજ વિસ્તારમાં લાંબુ-લચક ડાઈવર્જન અપાયું છે. જેમાં ટ્રાફિક સમસ્યા દિન-પ્રતિદિન ઘટવાના બદલે વધી રહી છે. આ સમસ્યામાં ક્યારેક વાહનો ટકરાતાં લેવા-દેવા વગરની રકઝક થાય છે. આ મામલે અવારનવાર રજુઆત કરવા છતાં તંત્ર રસપૂર્વક કામ થાય તો જ આનો યોગ્ય ઉકેલ લાવે તેમ સ્થાનિક રહિશો ઈચ્છી રહ્યા છે.



## અશ્વ શૉ માં ૩૧થી ૫૦ લાખમાં અશ્વોના સોદા થયા


અંબોડ ગામે યોજાયેલ અશ્વ શૉ માં અશ્વોની ખરીદારી મોટા પાયે થઈ હતી. જેમાં જોધપુરના સવાસીંગનો પાણીદાર અશ્વ ૩૧ લાખમાં પંજાબના હરવિંદરસીંગે ખરીદ્યો હતો. આ શૉ ને નિહાળવા માટે ક્રિકેટર મુનાફ પટેલ પણ તા. ૨૨મી ફેબ્રુઆરીના રોજ આવતા ભારે આતશબાજી કરવામાં આવી હતી. આતશબાજી દરમિયાન અશ્વોમાં નાસભાગ મચતા બે અશ્વોને ઈજા પહોચી હતી અને એકનું મૃત્યુ થયું હતું. અશ્વમેળામાં કેટલાય અશ્વપ્રેમી એવા હતા કે જે ભારતભરમાં અશ્વ શૉ યોજાય તેમાં જાય છે અને ભાગ લઈ ઈનામ અને મેડલ પ્રાપ્ત કરે છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પ્રાંતિજમાં પત્રકાર સંઘ અને પોલીસ વચ્ચે ક્રિકેટ મેચ યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૪

પ્રાંતિજ તાલુકાના તાજપુર કૂઈ ચોકડી નજીક આવેલા મેદાનમાં ગત રોજ પ્રાંતિજ પોલીસ અને પ્રાંતિજ પત્રકાર સંઘની ટીમ વચ્ચે ક્રિકેટ મેચ યોજાઈ હતી.

પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈ-વે ૮ પર આવે તાજપુર કૂઈ ચોકડી પાસે ઓરણ હાઈસ્કૂલની નજીકના મેદાન ખાતે આજે પ્રાંતિજ પોલીસ અને પત્રકાર સંઘની ટીમ વચ્ચે ૧૬-૧૬ ઓવરની ફ્રેન્ડલી મેચ રમાઈ હતી. જેમાં પ્રથમ ટોસ જીતીને પત્રકાર સંઘની ટીમે ૧૬ ઓવરમાં ૧૦ વિકેટ ગુમાવી ૯૬ રન બનાવ્યા હતા જયારે બીજા દાવમાં પ્રાંતિજ પોલીસની ટીમે ૧૧ ઓવરમાં ૮ વિકેટે ૯૭ રન બનાવી વિજય હાંસલ કર્યો હતો. આ મેચમાં પ્રાંતિજ પોલીસ મથકના પી.આઈ. એમ.ડી. ઉપાધ્યાયે ઓપનીંગમાં આવી ૧૯ રન નોંધાવ્યા હતા અને પોતાની ટીમને વિજય અપાવ્યો હતો.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સમાજ સેવા અને પ્રભુ સેવાના મંત્ર સાથે કાર્યરત સત્ય સાંઈ બાબા ચેરીટેબલ ટ્રસ્ટ અને બનાસડેરી પાલનપુરના સહયોગથી આદર્શ હાઈસ્કૂલ ખાતે નિઃશુલ્ક હૃદયરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૫૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. પાલનપુરની આદર્શ હાઈસ્કૂલના સંકુલમાં આયોજીત આ નિઃશુલ્ક હૃદયરોગ નિદાન કેમ્પમાં મહેસાણા, પાટણ, ગોઝારીયા અને રાજસ્થાનમાંથી ૪૦૦થી વધારે લાભાર્થીઓઆવ્યા હતા જેમને નિષ્ણાંત તબીબોએ નિદાન કર્યું હતું. આ પ્રસંગે બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળ, બનાસડેરીના કર્મચારીઓ અને સાંઈબાબા ચેરીટેબલ ટ્રસ્ટના મનોજભાઈ ભીમાણી સ્ટાફના માણસો સાથે ઉપસ્થિત રહ્યા હતા અને ભારે જહેમત ઉઠાવી હતી.

## પાલનપુર નજીક ગોળાથી છનીયાણા વચ્ચે જીપ પલ્ટી ખાઈ જતાં એકનું મોત : બે ઘાયલ

પાલનપુર, તા. ૨૪

જલોત્રા ગામથી વરસડા તરફ જતી જીપ છનીયાણા નજીક ચાલકનો સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા પલ્ટી ખાઈ જતાં જીપમાં બેઠેલા પૈકી એક મહિલાનું ઘટના સ્થળે મોત નિપજયું હતું. જયારે બે વ્યકિતને ગંભીર ઈજાઓ થતાં પાલનપુર સિવિલ ખાતે ખસેડાયા હતા.

જલોત્રાની જીપ નં. જીજે-૮ એફ. ૧૭૭૯ ગત રોજ પેસેન્જર ભરીને વરસડા જતી હતી. જે જીપમાં ગોળા ગામનો સોની પરિવાર પણ મુસાફરી કરી રહ્યો હતો. જીપ છનિયાણા નજીક અચાનક પલ્ટી ખાઈ જતાં જીપમાં બેઠેલા લતાબેન રમેશભાઈ સોનીનું ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. જયારે ગોળા ગામના દિનેશકુમાર રમેશભાઈ સોની ઉ.વ.૨૦ તથા કિશનકુમાર રમેશભાઈ સોની ઉ.વ.૧૯ને ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ દ્વારા તાત્કાલીક પાલનપુર સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા. જયારે મૃતક લતાબેનની લાશને પી.એમ. અર્થે પાલનપુર સિવિલના પી.એમ. રૂમમાં મોકલી અપાઈ હતી. શહેરમાં સમાચાર મળતાં જ સોની સમાજના લોકો સિવિલ ખાતે દોડી આવ્યા હતા. આ અકસ્માતને લઈને ગોળા ગામના વેપારીઓએ મૃતકને શાંતિ અર્પવા સ્વયંભૂ ધંધારોજગાર બંધ કરી નાંખ્યા હતા. અચાનક સોની પરીવારની મહિલાનું મોત નિપજતાં પંથકમાં ભારે શોકની લાગણી પ્રસરવા પામી છે.

## ઈડરના બકરપુરા ગામ નજીક જીપે બાઈકને ટક્કર મારતા બાઈકસવારનું મોત

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જીલ્લા ના ઈડર તાલુકા ના બકરપુરા ગામ નજીક શુક્રવાર ની સાંજે જીપ અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માત માં બાઈક સવાર નું સારવાર દરમિયાન મોત નીપજયું હતું આ અંગે ઈડર પોલીસ મથકે ફરિયાદ શનિવાર ના રોજ ફકીરમહમદ નુરભાઈ મનસુરી એ નોધાવી હતી

બકરપુરા ગામ નજીક શુક્રવાર ની સાંજે ૪ વાગે ના સુમારે જીપ નંબર GJ -6-K - ૯૪૧૭ ના ચાલક મુળજીભાઈ પુજાભાઈ પરમાર એ પોતાના કબજાની જીપ બેદરકારી પૂર્વક હંકારી ને આગળ જઈ રહેલ બાઈક નંબર - GJ -9-AB -૪૨૯૩?? પાછળ થી ટક્કર મારતા બાઈક પર સવાર ઈડર ના પાનોલ ના રહેવાસી ૫૫ વર્ષીય રમણભાઈ અમૃતભાઈ મિસ્ત્રી ને શરીરે ગંભીર ઈજાઓ થયેલ જેને સારવાર અર્થે ઈડર સિવિલ માં ખસેડાયેલ જયાં તેનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું આ અંગે ઈડર પોલીસ મથકે ફરિયાદ નોધાતા પોલીસ એ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહમા તાલુકામાં પોલીયો રસીકરણ કાર્યક્રમનો પ્રારંભ

ખેડબ્રહમા તાલુકાના જિલ્લા સદર સ્યશ્રી મુળજીભાઈ પટેલના હસ્તે જનરલ હોસ્પિટલ ખેડબ્રહમા ખાતે ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયો ની રસીના બે ટીપાં પીવડાવી ઉદ્દઘાટન કરવામાં આવ્યું, તેઓશ્રીએ જણાવેલ કે સરકારશ્રી ધારા યોજવામાં આવતા આવા કાર્યક્રમોમાં જનતા જનાર્દને સાથ સહકાર આપી એકપણ બાળક રસીથી વંચિત ના રહી જાય તેવું જણાવેલ, તદ ઉપરાંત પ્રાંત ઓફિસરશ્રી આર.આર.ઠકકર તથા જનરલ હોિ સ્પટલના અધિક્ષકશ્રી આ કાર્યક્રમમાં ઉપ સ્થીત રહેલ. તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ર્ડા. એચ.એસ.ગઢવીએ તાલુકાના 100% બાળકો આવરી લેવામાં આવશે તેવું જણાવેલ.

ખેડબ્રહમા તાલુકામાં ૦ થી ૫ વર્ષ સુધીના કુલ ૪૬૩૫૯ જેટલા બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવનાર છે જેમાં ૧૮૭ જેટલા બુથ કાર્યરત છે અને ૭૪૮ જેટલા કર્મચારીઓ બુથ ઉપર ફરજ બજાવી રહેલ છે. આ કાર્યક્રમમાં તા.૨૪/૦૨/૨૦૧૩ના રોજ બુથ ઉપર રસી પિવડાવવામાં આવશે તેમજ તા.૨૫/૦૨/૨૦૧૩ તથા તા.૨૬/૦૨/૨૦૧૩ના રોજ ઘેર-ઘેર ફરી રસી પિવડાવવામાં આવનાર છે.

આ કાર્યક્રમમાં પ્રચાર પ્ર સારની કામગીરી તાલુકા હેલ્થ ઓફિ સરશ્રી ર્ડા.એચ.એસ.ગઢવીના માર્ગદર્શન હેઠળ તાલુકા આઈ.ઈ. સી. અધિકારીશ્રી રાજેન્દ્રિ સંહ વાઘેલા તથા મનહરભાઈ પટેલ તથા ગોવીંદભાઈ પટેલ ધ્વારા કરવામાં આવેલ છે.

## ઈડરના કિશોરગઢ નજીકથી ૨૮ પશુઓ બચાવાયા પાંચ વાહનો કબજે લઈ સાત વિરુદ્ધ ગુનો નોંધાયો

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જીલ્લા ના ઈડર તાલુકા ના કિશોરગઢ ગામ નજીક થી રવિવાર ના રોજ સવારે જાદર પોલીસ બાતમી આધારે વોચ કરી ને ૨૮ પશુઓને પાચ વાહનો માં ભરીને લઈ જતા મોડાસા ના સાત ઈસમો ને પકડી પાડ્યા હતા તેમના વિરુદ્ધ જાદર પોલીસ મથકે ગુન્હો નોધી તમામ પશુઓને ઈડર ના પાંજરાપોળ માં મોકલી આપ્યા હતા

વિગત મુજબ રવિવાર ના રોજ સવારે કિશોરગઢ નજીક જાદર પોલીસ મથક ના પી એસ આઈ - એસ એન ગોહિલ સ્ટાફ સાથે બાતમી આધારે વોચ કરી રહ્યા વાહન ચેકિંગ કરી રહ્યા હતા દરમિયાન ૯.૩૦ વાગે ના સુમારે હિમતનગર થી દેશોતર તરફ વાહનો માં પશુઓ ભરીને આવી રહેલા પાચ વાહનો ને ચેક કરતા આઈશર ટ્રક નંબર -GJ -9-Z -૪૮૮૫ માંથી ૧૪ ભેસો ,પીકઅપ ડાલા નંબર - GJ -20-U -૩૭૯૮ માંથી ૩ ભેસો, GJ -9-Z -૧૮૮૮ માંથી -૪ ભેસો , GJ -9-Z -૨૧૦૪ માંથી ૪ ભેસો અને મીની ટેમ્પા નંબર - GJ - 9 -Z -૮૯૫૧ માંથી ૩ ભેસો મળી કુલ ૨૮ ભેસો વાહન માં ક્રુરતા પૂર્વક બાંધી ને કતલખાને લઈ જતા સાત ઈસમો મોડાસા ની ચાંદ ટેકરી ખાતે રહેતા શાહરૂખ પીરમહમદ મુલતાની, સત્તાર માનસા મુલતાની, શકીલ શેરુ મુલતાની, રુસ્તમ મોલા મુલતાની, અસ્પાક ઈસ્માઈલ મુલતાની, સમીર પીરૂભાઈ મુલતાની અને અકીલ હસન મુલતાની ને પકડી પાડ્યા હતા અને ૧ લાખ ૯૬ હજાર ના પશુઓ અને ૧૩ લાખ ના પાચ વાહનો કબજે લઈ ને પશુઓ ઈડર પાંજરાપોળ માં મોકલી આપ્યા હતા અને સાતેય ઈસમો વિરુદ્ધ જાદર પોલીસ મથકે ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## વિખરણ ગામ નજીક નદીમાં માછલીઓ પકડવા ગયેલો યુવાન નદીમાં ડૂબતા મોત



હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકા ના વિખરણ ગામ નજીક સાબરમતી નદી માં શનિવાર ની સાંજે માછલીઓ પકડવા ગયેલ યુવક નદી માં ડૂબી જતા મોત નીપજયું હતું આ અંગે ખેડબ્રહ્મા પોલીસ મથકે રવિવાર ના રોજ અકસ્માતે મોત નો ગુનો નોધાયો હતો.

વિગત મુજબ શનિવાર ની સાંજે મૂળ પશ્ચિમ બંગાળ ના દિગનગર ના હાલ રહેવાસી વિખરણ ગામના ૨૬ વર્ષીય પવનકુમાર મોહનલાલ જાદવ અને અન્ય પાચ જણા ગામ નજીક ની સાબરમતી નદીમાં માછલીઓ પકડવા નાવડીમાં ગયેલા દરમિયાન અચાનક નદીમાં નાવડી હાલક ડોલક થતા પવનકુમાર નદી માં ડૂબી ગયેલ જેના કારણે તેનું મોત નીપજયું હતું. આ અંગે રવિવાર ના રોજ સવારે ખેડબ્રહ્મા પોલીસ મથકે અકસ્માતે મોતનો ગુનો નોધાયો હતો .

## શામળાજી નજીક પ્રેમી-પંખીડાઓએ ઝેરી દવા પી આત્મહત્યા કરી

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જીલ્લાના ભિલોડા તાલુકાના યાત્રાધામ શામળાજી નજીક ડુંગરો ની તળેટી માં રવિવાર ના રોજ સાંજ ના સુમારે એક યુવક અને યુવતી ની લાશ પડી હોવાની જાણ શામળાજી પોલીસ ને થતા તાત્કાલિક પોલીસ સ્થળ પર પહોચીને કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે શામળાજી પોલીસ મથક ના પી એસ આઈ -જે એમ વાઘેલા એ જણાવેલ કે શામળાજી નજીક આવેલી બેચરપુરા કોલોની ની પાછળ આવેલ ડુંગર ની તળેટી માં એક યુવક અને યુવતી ની લાશ પડી હોવાની જાણ થતા સ્થળ પર આવી તપાસ કરતા બંને લાશો ની પાસેથી મોબાઈલ ,પાકીટ અને બે ઝેરી દવા ની બોટલ મળી આવેલ અને મારનાર અંદાજે ૨૦ વર્ષીય યુવક બનાસકાંઠા જીલ્લા ના દાંતા તાલુકા ના હડાદ ગામ નો યુનુસ મનસુરી અને મારનાર યુવતી અંદાજે ૧૭ વર્ષીય યુવતી સાબરકાંઠા જીલ્લા ના ભિલોડા તાલુકા ના બાવળિયા ગામની -સિદ્ધિ ડામોર હોવાનું -ાથમિક તપાસ કરતા જણાયું હતું કદાચ ેમ ની મંજિલ નિષ્ફળ હોવાને કારણે ઝેરી દવા પી જઈ ને આત્મહત્યા કરી હોવાનું -ાથમિક તબ્બકે જણાય છે બંને લાશો ના વાલી વારસો ને જાણ કરાઈ છે અને કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES | APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
રવિવારે શો રૂમ
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા...
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮